## Parents' awareness Programme 2015-16

આજ રોજ તા.૧૪/૦૩/૨૦૧૬ સોમવાર ના દિવસે હળવદ મુકામે શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય દ્વારા ચાલતા સંમલિત શિક્ષણ યોજના ના સહયોગથી એક દિવસીય વિકલાંગ બાળકોના વાલી સંમેલન નું આયોજન કરવામાં આવેલું જેમા ધો -૯ થી૧૨ માં અભ્યાસ કરતાં વિવિધ વિકલાંગતા ધરાવતા બાળકો તેમજ હળવદ , ચોટીલા , મોરબી , થાન , વાકાંનેર , ટંકારા અને માળીયા જેવા વિસ્તારમાંથી વાલીઓ ઉપસ્થીત રહયા હતા. આ પ્રસંગે હળવદના સમાજ સેવકશ્રી નારાયણભાઇ માવજીભાઇ પટેલ, માવજીભાઇ પટેલ તેમજ હળવદ બી.આર.સી કોર્ડિનેટર શ્રી જલારામભાઇ તેમજ સંસ્થાના સ્થાપક મંત્રીશ્રી જીતેન્દ્રભાઇ જોષી સાથે તમામ સ્ટાફગણ ઉપસ્થીત રહયા હતા. આ પ્રસંગે સૌપ્રથમ ભચાઉ કન્યાછાત્રાલય ની બાળાઓ દ્વારા સ્વાગતગીત રજૂ કરવામાં આવ્યુ હતું , સ્વાગત પ્રવચન પ્રવાસી શિક્ષક જગદીશભાઇ પટેલ દ્વારા કરવામાં આવ્યું , તેમજ વિકલાંગ બાળકના જીવનમાં કેવી સમસ્યાઓ ઉપસ્થિત થાય છે તે શિક્ષક પ્રજ્ઞાચક્ષુ શ્રી મનિષભાઇ ગઢવીએ તેમની કથની અન્ય વાલીઓ સમક્ષ મૂકી હતી. તદઉપરાંત એવાજ પ્રવાસી શિક્ષક શ્રી દિનેશભાઇ સભાણી જે માત્ર એક પગ ધરાવે છે. તેઓ જયારથી નોકરીમાં જોઇન્ટ થયા છે ત્યાં સુધીની કથા વર્ણવીને અન્ય વાલીને સમજાવ્યું તેમજ અન્ય પ્રવાસી શિક્ષકોએ પોતાના ૧૫ વર્ષના અનુભવથી કેવી રીતે આવા બાળકોને શિક્ષણ અને સારસંભાળ રાખવી તે ઉંડાણપૂર્વક જણાવ્યું ,આ પ્રસંગે ઉપસ્થિત નારાયણબાપાએ તેમનું વ્યકતવ્ય આપતા તેમણે આ સંસ્થાને દીલથી આદર્શ આપી વર્ણવી હતી, સાથે તેમનો દિકરો પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં આ સંસ્થાને સથવારે અભ્યાસ કરી હાલ બોર્ડની પરીક્ષા આપી રહયો છે , તે આનંદની અશ્રુધારા વહાવી ગ્રહગ્રહીત થયા હતા. ત્યારબાદ કાર્યક્રમ ને આગળ વધાવતા સંસ્થાના સ્થાપક મંત્રીશ્રી એ જણાવ્યું કે દિવ્યાંગો માટેની સેવાએ સમાજની જવાબદારીનો એક ભાગ છે , જેને દરેક વ્યકિતએ પોતાની જવાબદારી સમજવી જોઇએ તેમજ જીવનમાં અન્ય વ્યકિતઓ માટે પણ ઉપકારની ભાવના રાખવી જોઇએ, આવી વાતને ટાંકતા સમાજને જણાવેલ કે સંસ્થા છેલ્લા ૧૫ વર્ષથી ટાંચા સાધનો હોવા છતાં ફળશ્રુતી રૂપીનું કાર્ય કરી રહી છે. અને આજે નવજીવન વિકલાંગ સેવાશ્રયમાં ભણી ચુકેલ વિધાર્થી પોતે સ્વરોજગારી પ્રાપ્ત કરી રહયા છે.તેમજ સંમલિત શિક્ષણ યોજના નીચે ૧૫૦૦ બાળકોને શિક્ષણમાં જોડયા છે. અને હાલ ૧૨૫ વિધાર્થીઓ ઇન્કલુઝીવ એજયુકેશનનો લાભ લઇ રહયા છે. અને ૫૦ જેટલા બાળકો આશ્રય લઇ સુંદર અને સુચારુ જીવન જીવી રહયા છે, તે બદલ સંસ્થા આનંદ અનુભવી રહી છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેલ કશ્યપભાઇ દવે દ્વારા સંસ્થાને રૂપિયા ૧૩૦૦૦ નું ફ્રિઝ દાનભેટ આપેલ તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા સ્ટાફગણ વિજયભાઇ જોષી, બળવંતભાઇ જોષી, જગદીશભાઇ, ભરતભાઇ, જયેશભાઇ, કુસુમબેન, તેમજ તમામ સ્ટાફે જહેમત ઉઠાવી હતી.આ પ્રસંગે વિવિધ વિકલાંગતા ધરાવતા બાળકોને રૂપિયા ૧૨૫૦૦૦ ની સહાય કરવામાં આવી હતી.